કેસ દાખલ કર્યા તા.૦૫–૦૨–૨૦૨૬
કેસ રજી. લીધા તા.૦૫–૦૨–૨૦૨૬
ઠરાવ જાહેર કર્યા તા. ૨૫–૦૩–૨૦૨૬
અવધી:–વર્ષ:૦૦,મહિના:૦૧,દિન:૨૦

**નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ભાણવડ**

ફોજદારી કેસ નં. પર/૨૦૨૬
આંક–

શ્રી સરકાર ....................ફરિયાદી

–:: વિરૂધ્ધ ::–

પ્રવિણભાઈ મેરામણભાઈ રાવલીયા,
રે.ફતેપુર ગામ, આહિર ફળી,
તા.ભાણવડ,જી.દેવભૂમી–દવારકા ..................... આરોપી

---

શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી. શ્રી એચ.આર.અંબાસણા
આરોપીપક્ષ તરફે:– વિ.વ.શ્રી જી.એન.સોરઠીયા

---

ગુનો:– હથિયાર ધારાની કલમ – ૨૫(૧–બી)એ મુજબ.........

---

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ : ૧૧/૦૨/૨૦૨૫ નાં રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે મોખાણા ગામ જ્યુપીટર સીમેન્ટની પડતર ફેકટરની પાછળ બરડા ડુંગરની જાળીમાં દેશી બનાવટની ઉપરથી ભરવાની જામગરી બંદુક કિ.રૂા.૧,૦૦૦/– વાળી ગેરકાયદેસર કોઈપણ સક્ષમ સત્તધિકારીના પરવાના વગર આરોપી પોતાના કબ્જામાં રાખી નીકળી પકડાઈ જતા તે અંગેની ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ પ્રમાણે ફરિયાદ પક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, આંક–૦૫ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ તેની સામેનાં ગુન્હાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો:-

| અનુ.નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૭ | ઈમરાનભાઈ ઉમરમીયા સૈયદ | પંચ સાહેદ |
| (૨) | ૦૯ | અલ્ફાઝભાઈ શેરમામદભાઈ બ્લોચ | પંચ સાહેદ |
| (૩) | ૧૦ | ભીખાભાઈ નગાભાઈ ગાગીયા | ફરીયાદી |
| (૪) | ૧૬ | કાનાભાઈ રણમલભાઈ માડમ | ત.ક.અ. |

-: દસ્તાવેજી પુરાવો :-

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | પંચનામુ |
| (૨) | ૧૧ | ફરીયાદ |
| (૩) | ૧૭ | ગુન્હા રજીસ્ટર રિપોર્ટ |
| (૪) | ૧૮ | રવાનગી પાવતી |
| (૫) | ૧૯ | મુદામાલ એફ.એલ.એલ.ને મળ્યાની પહોંચ |
| (૬) | ૨૦ | એફ.એસ.એલ. રિપોર્ટ |
| (૭) | ૨૧ | ચાર્જશીટ કરવા મંજુરી આપતો હુકમ |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાં બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષનો પુરાવો ખોટો હોવાનુ અને પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને બચાવપક્ષે તેમનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ : ૧૧/૦૨/૨૦૨૫ નાં રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે મોખાણા ગામ જ્યુપીટર સીમેન્ટની પડતર ફેકટરની પાછળ બરડા ડુંગરની જાળીમાં દેશી બનાવટની ઉપરથી ભરવાની જામગરી બંદુક કિ. રૂા.૧,૦૦૦/-વાળી ગેરકાયદેસર કોઈપણ સક્ષમ સત્તાધિકારી |

| | |
|---|---|
| | ના પરવાના વગર આરોપી પોતાના કબ્જામાં રાખી નીકળી પકડાઈ જઈ હથીયાર ધારાની કલમ– ૨૫(૧–બી)એ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણય માટેના કારણો અને પુરાવાનું મુલ્યાંકન

મુદા નં.–૧ ની ચર્ચા :–

(૭.૧) ફરીયાદ પક્ષનો કેસ છે કે, બાતમી આધારે પંચો ને બોલાવી પંચોને બાતમી હકીકતની સમજ કરી અને પંચોને સાથે રાખી કલાક ૧૮:૩૦ વાગ્યે બનાવ વાળા સ્થળે જતા આરોપી સક્ષમ અધિકારીના પાસ પરવાના વગરની જામગરી બંદુક સાથે મળી આવતા પંચો રૂબરૂ તેમની અટક કરેલ અને હથીયાર જામગરી બંદુક મુદામાલ તરીકે કબજે કરેલ. સદર હકીકત સાબીત કરવાનો સંપુર્ણ બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલ છે. સદર હકીકતની સાબીતી સારુ ફરીયાદપક્ષે આરોપીનો સભાન કબજો તથા કબજામાંથી મળી આવેલ મુદામાલ જામગરી બંદુક હોવાની હકીકત સાબીત કરવી રહે. સદર હકીકત સાબીતી સારુ આ કામે આંક–૦૭ થી પંચ સાહેદ ઈમરાનભાઈ ઉમરમીયા સૈયદ તથા આંક–૦૯ થી પંચસાહેદ અલ્ફાઝભાઈ શેરમામદભાઈ બ્લોચ ને સોગંદ ઉપર તપાસેલા છે. આ બંને પંચસાહેદો આંક–૦૮ વાળા આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચનામા પંચસાહેદો છે. સદર બંને પં ચ સાહેદોએ પોતાની સરતપાસમાં તેઓએ પોલીસ સ્ટેશન પાસે સહી કરેલ હોવાનું જણાવેલ છે તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે સદર પંચોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશ માત્ર પણ સમર્થન કરતા નથી. તેમજ આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલસે તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલી તે સિવાય બીજું કાંઈ જાણતો નથી.

(૭.૨) આ કામનાં ફરીયાદી ભીખાભાઈ નગાભાઈ ગાગીયાને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, '' ગઈ તા.૧૧ /૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યે અમો તથા સ્ટાફના માણસો ખાનગી વાહનમા એસ.ઓ.જી.લગત કામગીરી લગત ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૧૭:૪૦ વાગે ભાણવડ પોરબંદર હાઈવે રોડ પર આવેલ રવિરાજ હોટલ પાસે આવતા ખાનગીરાહે બાતમી મળેલ કે પ્રવિણભાઈ મેરામણભાઈ પબાભાઈ રાવલીયા પાસે ગે.કા. રીતે સક્ષમ અધિકારીના પાસ પરવાના વગરની દેશી હાથ બનાવટની ઉપરથી ભરવાની જામગરી

બંદુક છે અને તે હથીયાર લઈ મોખાણા ગામની સીમમા પડતર આવેલ જયુપીટર સીમેન્ટની ફેકટરી પાછળ બરડા ડુંગરમા જંગલની ઝાળીમા જંગલી જાનવરનો શીકાર કરવા આટા ફેરા કરે છે જેથી તુરત જ ભાણવડ પોરબંદર હાઈવે રોડ પર આવેલ રવીરાજ હોટલ પાસે સાથેના એ.એસ.આઈ.એ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી કલાક ૧૭:૫૫થી ૧૮:૧ ૦ સુધીનુ પ્રાથમીક પંચનામુ કરી હકીકત વાળી જગ્યાએ વાહનમા બેસી રવાના થઈ રવિરાજ હોટલથી પોરબંખદર જતા રોડ ઉપર આગળ હંકાવી ભરતપુર ગામ પાસે પસાર કરી બાદ ભેનકવડ ગામની ડાબી બાજુ આવેલ વણાંક લઈ ઘુમલી ગામ તરફ જતા રસ્તે આગળ હંકાવી જયુપીટર સીમેન્ટ ફેકટરી પાસે પહોચી ત્યાં વાહન થોભાવી પગપાળા આગળ ચાલીને હકીકત વાળી જગ્યાએ આવતા મોખાણા ગામ જયુપીટર ફેકટરી પાછળ બરડા ડુંગરની જંગલની ઝાડીમા આવતા કલાક ૧૮:૩૦ વાગ્યે એક ઈશમ જંગલની કાટાની ઝાડીમા બેઠેલ હોય જે ઈશમને બુમ પાડી અમારી પોલીસ તરીકેની ઓળખ આપી જેમનો તેમ બેસી જવા જણાવેલ મજકુરનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતે પોતાનુ નામ પ્રવિણભાઈ મેરામણભાઈ પબાભાઈ રાવલીયા હોવાનુ જણાવેલ તેમજ મજકુરના હાથમા બાતમી મુજબની જામગરી બંદુક હોય જે રાખવા બાબતે કોઈ પરવાનો હોય તો રજુ કરવાનુ જણાવતા નહી હોવાનુ જણાવેલ. સદરહુ જામગરી બંદુક પંચો રૂબરૂ ચકાશતા ખાલી હોય જેનો માપ કરતા બટ બેરલની કુલ લંબાઈ ૪ ફુટ ૯.૫ ઈંચ, બેરલનો વ્યાસ ૧૬ એમ.એમ., નાળ ૩ ફુટ ૩ ઈંચ લાંબી અને બોડી અને બેરલને ધાતુના બે ચાપડાથી ફીટ કરેલ તથા જેનુ ટ્રીગર સળીયો વાળી ને બનાવેલ હતો તેની બાજુમા બટમા રબર બાંધેલ છે તથા ઉપરના છેડે સફેદ દોરો વીટાળેલ જે વાટનો એક છેડો ટ્રીગરના છેડામા બાંધેલ અને બીજો છેડો બેરલના છેડાથી બાજુમા આવે છે ટ્રીગરના શળીયાને ખેંચીને છોડતા બીજા છેડે બેરલના છેડામા રહેલ કાણા ઉપર પછડાતા ચાંદલીયો ફુટતા દારૂ ગોળા સાથે આ સંપર્કમા આવતા ફાયરીંગ થાય તે રીતેની બનાવટનો હોય જેને એક કાપડની થેલીમા રાખી અમો પોલીસ તથા પંચોની સહી વાળી કાપલી ચોડી લાખ દોરાથી શીલ કરેલ તથા કિંમત રૂા.૧૦૦૦/– ગણી પંચો રૂબરૂ કબ્જે કરી અને આરોપીને ધોરણસર અટક કરેલ તેમજ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા જાતે થી અમોએ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવી રજુ કરુ છુ રજુ દા.આંક ૧૧ આરોપીને હુ ઓળખુ છુ.જે નામ.કોર્ટમાં હાજર નથી. હાજરી મુકિત રીપોર્ટ રજુ છે. ઓળખની તકરાર જતી કરેલ છે. મને મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. બચાવપક્ષે મુદામાલ ઓળખની તકરાર નથી. ''

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ''તે વાત ખરી છે કે તા. ૧૧/૨/૨૦૨૫ ના રોજ પેટ્રોલીંગમા હતા તેનો સાધનીક આધાર આ કામે રજુ રાખેલ નથી. તે વાત ખરી છે કે મારી ફરીયાદમા કલાક ૧૬:૦૦ વાગ્યાથી ભાણવડ પો.સ્ટે. વીસ્તારમા પેટ્રોલીંગમા હતા તેવુ જણાવેલ છે પરંતુ ભાણવડ પો.સ્ટે.ના કયા વીસ્તારમા પેટ્રોલીંગમા હતા તે સ્થળ જણાવેલ નથી. તે વાત ખરી છે કે અમારી કચેરીનુ મથક ખં ભાળીયા આવેલુ છે. તે વાત ખરી છે કે મારી ફરીયાદમા પંચોના નામ જણાવવામા આવેલ નથી. તે વાત ખરી છે કે પંચનામુ પહેલા થઈ ગયેલ હોય તો પંચોના નામ જાહેર થઈ ગયેલા હોય અને તે

નામ ફરીયાદમા લખી શકાયા હોય. તે વાત ખરી છે કે પંચો રૂબરૂ હથીયારને સીલ કરવામા આવે તે સીલ પી.આઈ.ના હોદાનુ સીલ હોય છે. તે વાત ખરી છે કે અમારી સાથે અમારા પી.આઈ. રેઈડમા સામેલ ન હતા. તે વાત ખરી છે કે જે અધિકારીના હોદાનુ સીલ હોય તે અધિકારી તે સીલનો ઉપયોગ કરી શકે. તે વાત ખરી છે કે મારી ફરીયાદ કોમ્પ્યુટરાઈઝ છે. તે વાત ખરી નથી કે અમારી કામગીરી બતાવવા માટે આરોપી પાસેથી કોઈ હથીયાર મળેલ ન હોવા છતાં તેમના વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરી ફરીયાદના સમર્થનમાં સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''જયારે આ સીવાય તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૭.૩) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૬ થી આ કામના ત.ક.અમલદાર કાનાભાઈ રણમલભાઈ માડમ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકકીત જણાવેલ છે કે, '' ગઈ તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યે અમો તથા સ્ટાફના માણસો ખાનગી વાહનમા એસ.ઓ.જી.લગત કામગીરી લગત ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૧૭:૪૦ વાગે ભાણવડ પોરબં દર હાઈવે રોડ પર આવેલ રવિરાજ હોટલ પાસે આવતા ખાનગીરાહે બાતમી મળેલ કે પ્રવિણભાઈ મેરામણભાઈ પબાભાઈ રાવલીયા પાસે ગે.કા. રીતે સક્ષમ અધિકારીના પાસ પરવાના વગરની દેશી હાથ બનાવટની ઉપરથી ભરવાની જામગરી બંદુક છે અને તે હથીયાર લઈ મોખાણા ગામની સીમમા પડતર આવેલ જયુપીટર સીમેન્ટની ફેકટરી પાછળ બરડા ડુંગરમા જંગલની ઝાળીમા જં ગલી જાનવરનો શીકાર કરવા આટા ફેરા કરે છે જેથી તુરત જ ભાણવડ પોરબંદર હાઈવુે રોડ .પર આવેલ રવીરાજ હોટલ પાસે સાથેના એ.એસ.આઈ.એ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી કલાક ૧૭:૫૫થી ૧૮:૧૦ સુધીનુ પ્રાથમીક પંચનામુ કરી હકીકત વાળી જગ્યાએ વાહનમા બેસી રવાના થઈ રવિરાજ હોટલથી પોરબંખદર જતા રોડ ઉપર આગળ હંકાવી ભરતપુર ગામ પાસે પસાર કરી બાદ ભેનકવડ ગામની ડાબી બાજુ આવેલ વણાંક લઈ ઘુમલી ગામ તરફ જતા રસ્તે આગળ હંકાવી જયુપીટર સીમેન્ટ ફેકટરી પાસે પહોચી ત્યાં વાહન થોભાવી પગપાળા આગળ ચાલીને હકીકત વાળી જગ્યાએ આવતા મોખાણા ગામ જયુપીટર ફેકટરી પાછળ બરડા ડુંગરની જંગલની ઝાડીમા આવતા કલાક ૧૮:૩૦ વાગ્યે એક ઈશમ જંગલની કાટાની ઝાડીમા બેઠેલ હોય જે ઈશમને બુમ પાડી અમારી પોલીસ તરીકેની ઓળખ આપી જેમનો તેમ બેસી જવા જણાવેલ મજકુરનુ પંચો રૂબરૂ નામ પુછતા પોતે પોતાનુ નામ પ્રવિણભાઈ મેરામણભાઈ પબાભાઈ રાવલીયા હોવાનુ જણાવેલ તેમજ મજકુરના હાથમા બાતમી મુજબની જામગરી બંદુક હોય જે રાખવા બાબતે કોઈ પરવાનો હોય તો રજુ કરવાનુ જણાવતા નહી હોવાનુ જણાવેલ. સદરહુ જામગરી બંદુક પંચો રૂબરૂ ચકાશતા ખાલી હોય જેનો માપ કરતા બટ બેરલની કુલ લંબાઈ ૪ ફુટ ૯.૫ ઈંચ, બેરલનો વ્યાસ ૧૬ એમ.એમ., નાળ ૩ ફુટ ૩ ઈંચ લાંબી અને બોડી અને બેરલને ધાતુના બે ચાપડાથી ફીટ કરેલ તથા જેનુ ટ્રીગર સળીયો વાળી ને બનાવેલ હતો તેની બાજુમા બટમા રબર બાંધેલ છે તથા ઉપરના છેડે સફેદ દોરો વીટાળેલ જે વાટનો એક છેડો ટ્રીગરના છેડામા બાંધેલ અને બીજો છેડો બેરલના છેડાથી બાજુમા આવે છે ટ્રીગરના શળીયાને ખેંચીને છોડતા બીજા છેડે બેરલના છેડામા રહેલ કાણા ઉપર

પછડાતા ચાંદલીયો ફુટતા દારૂ ગોળા સાથે આ સંપર્કમા આવતા ફાયરીંગ થાય તે રીતેની બનાવટનો હોય જેને એક કાપડની થેલીમા રાખી અમો પોલીસ તથા પંચોની સહી વાળી કાપલી ચોડી લાખ દોરાથી શીલ કરેલ તથા કિંમત રૂા.૧૦૦૦/- ગણી પંચો રૂબરૂ કબ્જે કરી અને આરોપીને ધોરણસર અટક કરેલ તેમજ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા અમારા રૂબરૂની સાથીકર્મીએ ફરીયાદ આપેલ. આરોપીને હુ ઓળખુ છુ.જે નામ.કોર્ટમાં હાજર નથી. હાજરી મુકિત રીપોર્ટ રજુ છે. ઓળખની તકરાર જતી કરેલ છે. મને મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. બચાવપક્ષે મુદામાલ ઓળખની તકરાર નથી. સદરહુ ગુનાની તપાસ અમોને મળતા તપાસ અમોએ સંભાળી લીધેલ. બાદ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ તેમજ તપાસના કામે મુદામાલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ.માં મોકલેલ. બાદ એફ.એસ.એલ. શર્ટી આવી જતા ડી.એમ.કચેરીથી ચાર્જસીટ કરવા માટેની મંજુરી મેળવેલ અને મંજુરી મળ્યા બાદ એકંદરે તપાસ પુર્ણ થઈ ગયેલ હોય નામદાર કોર્ટમા ચાર્જસીટ કરેલ. મને આંક ૧૧ વાળી ફરીયાદ તથા આંક ૮વાળું પંચનામું બતાવવામાં આવે છે જે અમારા રૂબરૂ કરેલ છે તે જ છે. આજરોજ ગુના રજી.રીપોર્ટ, રવાનગી પાવતી, મુદામાલ એફ.એસ.એલ.કચેરીને મળ્યાની પહોંચ, એફ.એસ.એલ. સર્ટીફીકેટ તથા ચાર્જશીટ કરવા માટે મંજુરી આપ્યાનો હુકમ રજુ કરું છું જે અનુક્રમે રજુ દા.આંક ૧૭ થી ૨૧.''

જયારે આરોપી તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, '' તે વાત ખરી છે કે તા. ૧૧/૨/૨૦૨૫ ના રોજ પેટ્રોલીંગમા હતા તેનો સાધનીક આધાર આ કામે રજુ રાખેલ નથી. તે વાત ખરી છે કે મારા રૂબરૂની ફરીયાદમા કલાક ૧૬:૦૦ વાગ્યાથી ભાણવડ પો.સ્ટે. વીસ્તારમા પેટ્રોલીંગમા હતા તેવુ જણાવેલ છે પરંતુ ભાણવડ પો.સ્ટે.ના કયા વીસ્તારમા પેટ્રોલીંગમા હતા તે સ્થળ જણાવેલ નથી. તે વાત ખરી છે કે અમારી કચેરીનુ મથક ખંભાળીયા આવેલુ છે. તે વાત ખરી છે કે મારા રૂબરૂની ફરીયાદમા પંચોના નામ જણાવવામા આવેલ નથી. તે વાત ખરી છે કે પંચનામુ પહેલા થઈ ગયેલ હોય તો પંચોના નામ જાહેર થઈ ગયેલા હોય અને તે નામ ફરીયાદમા લખી શકાયા હોય. તે વાત ખરી છે કે પંચો રૂબરૂ હથીયારને સીલ કરવામા આવે તે સીલ પી.આઈ.ના હોદાનુ સીલ હોય છે. તે વાત ખરી છે કે અમારી સાથે અમારા પી.આઈ. રેઈડમા સામેલ ન હતા. તે વાત ખરી છે કે જે અધિકારીના હોદાનુ સીલ હોય તે અધિકારી તે સીલનો ઉપયોગ કરી શકે. તે વાત ખરી છે કે મારા રૂબરૂની ફરીયાદ કોમ્પ્યુટરાઈઝ છે. તે વાત ખરી છે કે મે તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. તે વાત ખરી છે કે તપાસના કામે બનાવ વાળા સ્થળની મુલાકાત લીધેલ નથી. તે વાત ખરી છે કે મુદામાલ ચાલુ હાલતમા હતો કે બંધ હાલતમા તે હુ કહી શકુ નહી. તે વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર ડુંગર વીસ્તાર છે. તે વાત ખરી નથી કે મારા રૂબરૂની ખોટી ફરીયાદ લઈ સારી કામગીરી બતાવવા માટે ખોટી તપાસ કરી પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જસીટ કરી તેના સમર્થનમા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. ''

(૮) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, આ કામે આંક-૦૮ થી આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરી આરોપીને અટક કર્યાનું પંચનામુ રજુ છે. જે પંચનામના પંચસાહેદો પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે અને પોતે સહી પોલીસ સ્ટેશન પાસે કરેલ હોવાનું જણાવે છે. સહી શી બાબતની કરાવેલી તેની જાણ નહી હોવાનુ

જણાવે છે તેમજ પોલીસે શુ કાર્યવાહી કરેલી તેની ખબર નહી હોવાનું જણાવે છે. વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પરવાનગીથી પુછવા છતા તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી તેમજ આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ તે સિવાય બીજુ કાંઈ જાણતો નથી. આમ, જયારે ફરીયાદ પક્ષના કેસ મુજબ બાતમી મળતા પંચોને બોલાવી બાતમી હકીકતની પંચોને સમજ કરી ત્યારબાદ આરોપીને મુદામાલ સાથે અટક કરી તે અંગેનુ વિગતવારનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનુ કરવામાં આવેલ પરંતુ પંચો ફરીયાદ પક્ષના કેસથી તદન વિરોધાભાષી હકીકત જણાવે છે ત્યારે આરોપી સામેનો જે ફરીયાદ પક્ષનો કેસ છે તે ખુબ જ શંકાસ્પદ જણાય આવે છે. તેમજ આંક–૧૦ થી તપાસવામાં આવેલ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ તે હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી. તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, પંચનામુ પહેલા થઈ ગયેલ હોય તો પંચોના નામ જાહેર થઈ ગયેલા હોય અને તે નામ ફરીયાદમાં લખી શકાયા હોય. આમ, જયારે ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ પંચો રૂબરૂ આરોપી પાસેથી બંદુક કબજે કરી તેની અટક કરી તે બાબતમુ પંચનામુ કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ છે તેમ છતા તેઓ દવારા પંચોના નામ ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી તેમજ પંચો પણ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. તેથી પંચનામુ પાછળથી તૈયાર કરી તેમાં પંચોની સહીઓ લેવામાં આવેલ હોય તેમ જણાય આવે છે. આમ, ઉપરોકત હકીકતે આરોપી સામેનો ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ જણાય આવે છે. તેમજ તપાસ કરનાર અધીકારી એ હકીકતનો સ્વીકાર કરે છે કે મે તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નવેદનો લીધેલ નથી, તપાસના કામે બનાવ વાળા સ્થળની મુલાકાત લીધેલ નથી. તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, મુદામાલ ચાલુ હાલતમાં હતો કે બંધ હાલતમાં મે હુ કહી શકુ નહી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો આરોપી સામેનો ફરીયાદ પક્ષનો કેસ અને ગુન્હાની નિષ્પક્ષ તપાસ પણ શંકાસ્પદ જણાય છે અને પંચોની હાજરીમાં ફરીયાદ મુજબની હકીકતે આરોપીના સભાન કબજામાંથી મુદ્દામાલ હથિયાર મળી આવેલ હોવાની હકીકત શંકાસ્પદ બનેલ હોય ત્યારે આરોપી ઉદભવેલ શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરે છે.

(૯) આમ, ઉપરોકત કરેલ પુરાવાની ચર્ચા અને છણાંવટનાં અંતે સદર અદાલતનું માનવું છે કે, ફરીયાદપક્ષ આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદા નં. ૧નો જવાબ '' નકારમાં '' આપવામાં આવે છે અને મુદા નં. ૨ અન્વયે જવાબ આપવા સારૂ તથા સદર કેસનો ન્યાયીક અંત આણવા સારૂ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

આ કામનાં આરોપી પ્રવિણભાઈ મેરામણભાઈ રાવલીયા, રે.ફતેપુર ગામ, આહીર ફળી, તા.ભાણવડ, જી.દેવભૂમિ–દવારકા નાઓને હથીયાર ધારાની કલમ – ૨૫(૧–બી)એ મુજબના ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧)

અન્વયે વિશ્વશનીય પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનલ મેન્યુઅલમાં જણાવ્યા મુજબ પોલીસ મ્યુઝીયમમાં રાખવા સારુ પોલીસ અધિક્ષક, દેવભુમી દવારકાનાઓને નિયમાનુસાર મોકલી આપવો.

આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ની કલમ–૪૮૧ ના પ્રબંધો મુજબ આ હુકમ સામે અપીલ થયે અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા રૂા.૧૫,૦૦૦ /– (અંકે રૂપિયા પંદર હજાર) ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૨૫–૦૩–૨૦૨૬
ગુજ. સ્ટેનો એ.કે.ત્રિવેદી.

( સી.એચ.માંડલિયા)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮